# પ્રેમળ જ્યોતિ..

## અનોખી સર્જિકલ સ્ટ્રાઈક



સાહેબે સાફ કરી નાખ્યા
જૂમલા ને જૂઠ અને જપ્પીના
સાહેબે પળમાં હિસાબ કરી નાખ્યા
સાહેબે સાફ કરી નાખ્યા
ચા વાળા પામ્યા છે સહુ કોઈની ચાહ
એની પાછળ છે માની આશિષ
રખવાળા જેને છે ભારત માતાના
એને પાડવાની કરતા કોશિષ
સાચું છે કોણ અને ખોટું છે કોણ
દૂર સહુના નકાબ કરી નાખ્યા
સાહેબે સાફ કરી નાખ્યા
છપ્પનની છાતીનું કાઢવાને માપ ,
લઈ નીકળ્યા'તા પોતાનો ગજ
બકરાંનાં બેં બેંની સામે ન જૂએ એમ
સાવજ છે એ તો સાવજ
મોઢામાં આંગળાઓ નાખી બોલાવ્યા તો
ખાનાખરાબ કરી નાખ્યા
સાહેબે સાફ કરી નાખ્યા

-/તુષાર શુક્લ

તાજેતરના 'ઓપરેશન સિંદૂર' હેઠળ, ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર **(POK)** માં નવ આતંકવાદી ઠેકાણાઓ પર મોટો હુમલો કર્યો તે આપણે સૌ જાણીએ છીએ. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર આમાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે. ભારત દ્વારા આ બદલાની કાર્યવાહી પહેલગામ હુમલાના ૧૫ દિવસ પછી કરવામાં આવી છે. આ હવાઈ હુમલાની તુલના બાલાકોટ અને ૧૯૭૧ના યુદ્ધ સાથે કરવામાં આવી રહી છે. જ્યારે પાકિસ્તાન સૂઈ રહ્યું હતું ત્યારે ભારતીય સેના એક મિશન પાર કરી રહી હતી. જેનો પડઘો સરહદ પાર પાકિસ્તાનના પંજાબ સુધી સંભળાયો. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. ભારતીય સેનાએ બુધવારે રાત્રે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર **(POK)** માં નવ આતંકવાદી ઠેકાણાઓ પર મોટો હુમલો કર્યો.

આ નામ એ મહિલાઓને સમર્પિત છે જેમના પતિઓ ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા માર્યા ગયા હતા. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર આમાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે. તેમજ નિષ્ણાતો તેને ૧૯૭૧ ના યુદ્ધ અને બાલાકોટ હવાઈ હુમલા કરતા પણ મોટો બદલો ગણાવી રહ્યા છે. આવું કેમ છે, ચાલો જાણીએ.

૨૦૧૬ ની ઉરી સર્જિકલ સ્ટ્રાઈક અને ૨૦૧૯ ની બાલાકોટ હવાઈ હુમલો ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો પ્રતિભાવ માનવામાં આવતો હતો. પરંતુ ઓપરેશન સિંદૂર આ બે કરતાં ઘણું ઊંડે સુધી જાય છે. આ વખતે ભારતીય સેનાએ પાકિસ્તાનના તે ભાગોને નિશાન બનાવ્યા જે અત્યાર સુધી નો-ગો ઝોન માનવામાં આવતા હતા. બાલાકોટ હુમલો ફક્ત એક જ સ્થાન પૂરતો મર્યાદિત હતો અને ઉરી પછીની કાર્યવાહી પણ મર્યાદિત હતી પરંતુ આ વખતે ફક્ત એક નહીં પરંતુ નવ સ્થળોને એક સાથે નિશાન બનાવવામાં આવ્યા હતા.

એક મીડિયા રિપોર્ટ મુજબ આ ભારતની અત્યાર સુધીની સૌથી ઊંડી કાર્યવાહી છે જે પાકિસ્તાનના **Undisputed Territory** સુધી પહોંચી છે. એટલે કે તે ભાગ જે પાકિસ્તાનનો પ્રદેશ માનવામાં આવે તે વિવાદિત નથી. પહેલી વાર ભારતે માત્ર **POK** જ નહીં પરંતુ પાકિસ્તાનના મુખ્ય પ્રાંત પંજાબમાં પણ મિસાઈલો પહોંચાડી છે અને તે પણ સરહદ પાર કોઈ જમીની લડાઈ વિના. માહિતી અનુસાર આ હુમલાઓ **High-Precision** વાળી મિસાઈલ હુમલા હતા. લક્ષ્યાંકિત સ્થળોમાં બહાવલપુર, મુરીદકે, સિયાલકોટ (પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં) અને મુઝફ્ફરાબાદ અને કોટલી (પીઓકેમાં)નો સમાવેશ થાય છે. બહાવલપુરને જૈશ-એ-મોહમ્મદનો ગઢ માનવામાં આવે છે. જે ભારતથી ૨૫૦-૩૦૦ કિમી દૂર છે. મુરિદકે લશ્કર-એ-તૈયબાનું મુખ્ય મથક છે, ફક્ત ૪૦-૫૦ કિમી દૂર છે, સિયાલકોટ ભારતથી ફક્ત ૧૦-૨૦ કિમી દૂર છે અને ચાક અમરુ સરહદની ખૂબ નજીક છે, ફક્ત ૫-૧૦ કિમી દૂર છે.

૧૯૭૧ના યુદ્ધમાં ભારતીય સેનાએ પાકિસ્તાનની પશ્ચિમી સરહદમાં, ખાસ કરીને સિંધ, પંજાબ અને રાજસ્થાન સેક્ટરમાં ઘૂસણખોરી કરી હતી. સિંધમાં, ભારત ૪૦-૫૦ કિમી અંદર ગયું હતું અને ખોખરાપાર જેવા શહેરો કબજે કર્યા હતા. પંજાબમાં, લાહોર અને સિયાલકોટ નજીકના વિસ્તારો જીતી લેવામાં આવ્યા હતા. ૧૯૭૧ના ઓપરેશનનો ઉદ્દેશ્ય જમીન કબજે કરવા અને વ્યૂહાત્મક લાભ મેળવવાનો હતો પરંતુ 'ઓપરેશન સિંદૂર' આતંકવાદ સામે એક ચોક્કસ અને મર્યાદિત વળતો હુમલો હતો, જમીન કબજે કરવા માટે નહીં.

તમને યાદ છે ભારતે પાકિસ્તાની આતંકી કેમ્પો પર ફેબ્રુઆરી ૨૦૧૯માં સર્જીકલ સ્ટ્રાઈક કરી હતી ? વાયુસેનાના વિમાનોએ બોમ્બ દ્વારા આતંકી કેમ્પો ઉડાવ્યા હતા. પુલવામા આતંકી હુમલાના ૧૨ દિવસ બાદ ભારતીય વાયુસેનાના પાકિસ્તાનમાં ઘુસીને આતંકી કેમ્પ પર મોટી કાર્યવાહી કરી હતી. મોડી રાત્રે વાયુસેના એ મિરાજ

વિમાનોએ **PoK**ના બાલાકોટ અને ચાકોટી, અને મુઝફ્ફરાબાદમાં જબરજસ્ત બોમ્બ વરસાવી આતંકીઓના કેમ્પને બર્બાદ કરી દીધા હતા. આ હુમલામાં ૨૦૦-૩૦૦ આતંકી ઠાર થયા હતા. ૧૨ દિવસમાં ભારત તરફથી લેવામાં આવેલા મોટા બદલાથી પાકિસ્તાનમાં હડકંપ મચી ગયો હતો. ત્યારે ભારતમાં ઠેર ઠેર આ બદલાને વધાવવામાં આવી રહ્યું હતું. ભારતીયો વાયુસેના દ્વારા લેવામાં આવેલા બદલાની કાર્યવાહી થઈ તેમાં દેશની તમામ જનતા ખુબજ ખુશ હતી. તમને ખ્યાલ હોય તો આ પહેલી વખત છે જ્યારે શાંતિકાળમાં ભારતીય વાયુસેના એ સરહદ ક્રોસ કરી હતી. આ સમયે ગુજરાતનાં જાણીતા કવિ તુષાર શુક્લએ પુલવામા હુમલાનો બદલો લેતા ભારતની કાર્યવાહી પર કવિતા લખી હતી તેમજ આ કવિતામાં તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો.

સર્જિકલ સ્ટ્રાઈકનો અર્થ થાય છે અચાનક હુમલો અથવા આશ્ચર્યજનક લક્ષ્ય પર યુદ્ધ. સર્જિકલ સ્ટ્રાઈકમાં વ્યક્તિને સંભાળવાનો મોકો પણ મળતો નથી અને આ હુમલાઓ કરવામાં આવતા નથી, લાદવામાં આવે છે. આ નિવેદન સાચું છે, કારણ કે કોઈ પણ મનુષ્ય યુદ્ધની દુર્ઘટના સહન કરવા માંગતો નથી. વ્યક્તિને જન્મથી જ શાંતિનો ભાવ મળ્યો છે. પરંતુ હજુ પણ યુદ્ધો થાય છે. તેનું એકમાત્ર કારણ એ છે કે યુદ્ધો થયા છે. યુદ્ધો ખરાબ લોકો દ્વારા લાદવામાં આવે છે અને તેનો સામનો કરવા માટે મધ્યમ લોકો દ્વારા યુદ્ધો સ્વીકારવામાં આવે છે. આપણા દેશમાં ૯ વખત ભારતીય સેનાએ એલઓસી પાર સર્જીકલ સ્ટ્રાઈક ઓપરેશન કરીને પાકિસ્તાની સેનાને પાઠ ભણાવ્યો છે.

૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ પાકિસ્તાનના આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદે પુલવામા ખાતે **CRPF**ના કાફલા પર ફિદાયીન હુમલો કર્યો હતો. આ હુમલામાં ભારતના ૪૦ જવાન શહીદ થયા હતા. આ હુમલાનો જડબાતોડ જવાબ આપવા માટે ભારતીય વાયુસેનાએ ૨૬-૨૭ ફેબ્રુઆરીની રાત્રિના સમયે પાકિસ્તાનના બાલાકોટ ખાતે એરસ્ટ્રાઈક કરી હતી. ભારતના આ હવાઈ હુમલામાં પાકિસ્તાનમાં બેઠેલા ૩૦૦ કરતા વધારે આતંકવાદીઓ માર્યા ગયા હતા. એરસ્ટ્રાઈકના બીજા દિવસે ૨૭ ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાનની વાયુસેનાએ ભારતમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો હતો જેને ભારતીય વાયુસેનાએ નિષ્ફળ બનાવ્યો હતો. વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન તે સમયે **Mig**-૨૧ ઉડાવી રહ્યા હતા જેની મદદથી તેમણે પાકિસ્તાનના **F**-૧૬ને તોડી પાડ્યું હતું.

પણ...ભારતના એવા પણ કમાન્ડરો છે જે બીજી રીતે પણ સર્જીકલ સ્ટ્રાઈક કરવાનું સૂપેરે જાણે છે જે લશ્કરના કમાન્ડોની સ્ટ્રાઈક કરતા કાંઈક અનોખી હોય છે. શું તમે આ અનોખી સર્જીકલ સ્ટ્રાઈક વિશે જાણો છો? માનવતાની કોઈ સરહદ હોતી નથી. ગમે ત્યારે, જ્યાં જરૂર પડે ત્યાં, કોઈ પણ જાતની મર્યાદાઓને ધ્યનમાં લીધા વગર, જાતી કે દેશના વાડાઓને લક્ષમાં લીધા વગર માનવતાની સર્જીકલ સ્ટ્રાઈક થાય તેમાં જ માનવતાનું મૂલ્ય સચવાય રહે છે. ચાલો ત્યારે ભારતની સંસ્કૃતિના જાણીતા પાસા- અનુકંપા, કરૂણા અને દયા દ્વારા કરાતી સર્જીકલ સ્ટ્રાઈકનું એક ઉત્તમ ઉદાહરણ જોઈએ.

ન કામયે રાજ્યમ્, ન સ્વર્ગમ ન પૂર્ભવમ્ ।
કામયે દુઃખતપ્રાનામ્ આર્ત્તં નાશનમ્॥
મને ના તો રાજ્યની કામના છે,
ના તો મોક્ષની કામના છે,
મને પૂનર્જન્મની પણ કામના નથી.
મારા હદયમાં કોઈ કામના છે તો મને તે દુઃખી-દરીદ્રોની સેવા કરવી.

અવારનવાર તમે ભારત-પાકિસ્તાનની દુશ્મનીના સમાચાર વાંચતા જ હશો. પરંતુ બંને દેશો વચ્ચે દેશની રાજધાની દિલ્હીથી એક સર્જીકલ સ્ટ્રાઈકના ખૂબજ સુખદ સમાચાર સામે આવ્યા છે. ભારતીય ડોકટરોના પ્રયાસોને

કારણે એક પાકિસ્તાની યુવતીને નવું જીવન મળ્યું છે. જ્યારે યુવતી અને તેના પરિવારે બધી આશા છોડી દીધી ત્યારે ભારતીય ડોક્ટરો તેના માટે આશાના કિરણ તરીકે આગળ આવ્યા અને પાકિસ્તાની યુવતીને નવું જીવન આપ્યું.





મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સિંધ પ્રદેશની રહેવાસી અફશીન ગુલની ગરદન ૧૦ મહિના પહેલા ૯૦ ડિગ્રી પર નમેલી હતી. તે તેની બહેનના ખોળામાંથી સરકી ગઇ હતી. સાત ભાઈ-બહેનોમાં સૌથી નાની આ દીકરીને તરત જ ડૉક્ટર પાસે લઈ જવામાં આવી હતી, પરંતુ સ્થાનિક ડૉક્ટરે તેને દવાઓ આપી હતી અને આધાર માટે તેના ગળામાં પટ્ટો બાંધ્યો હતો છતાં તેની સ્થિતિ વધુ બગડી હતી. જેમ જેમ તે મોટી થઈ રહી હતી તેમ તે તેની સ્થિતિને કારણે ચાલી શકતી ન હતી અને બોલી શકતી ન હતી અને તેની માતાએ તેને બધી જ મદદ કરવી પડી હતી. શાળાએ જવાનું અને રમવાનું હતું ત્યારે તેને ઘરે જ રહેવું પડ્યું. નવ લોકોના પરિવારને વધુ સારવાર પરવડી શકે તેમ ન હતું. મીડિયા અહેવાલોને પગલે સ્થિતિએ વૈશ્વિક ધ્યાન મેળવ્યું અને એક અમેરિકન સંસ્થાએ તેના પરિવારને શસ્ત્રક્રિયા પરવડી શકે તે માટે એક ઑનલાઇન ભંડોળ ઊભું કર્યું હતું તેવો બીબીસીએ અહેવાલ આપ્યો હતો. તેના પરિવારે કરાંચીની એક પ્રખ્યાત હોસ્પિટલનો સંપર્ક કર્યો ત્યારે ત્યાંના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે જો તેના પર સર્જરી કરવામાં આવે તો છોકરીની જીવિત રહેવાની તકો ૫૦ ટકા જ હતી.



આર્થિક રીતે નબળા માતા-પિતા માસૂમની સારવાર પાછળ પૈસા ખર્ચી શકતા ન હતા. કમનસીબે તેના પિતાનું કેન્સરથી અવસાન થયું હતું જેના કારણે ઘરેલુ કામ કરતી વખતે તેમની માતા જમીલનના વાર્ષિક £૬૦ ($૭૪)ના પગાર પર પરિવાર જીવવા મજબૂર થયો હતો. ૫૨ વર્ષની તેની માતા જમીલન અને ૨૭ વર્ષના મોટા ભાઈ મોહમ્મદ યાકુબ કુંબર અફશીન માટે કપડાં પહેરવાથી માંડીને શૌચાલયમાં જવાનું બધું જ કરતા, પરંતુ તેઓ જમીલનના ૬,૦૦૦ રૂપિયા (ફ૬૦) ક્લીનર તરીકેના વર્ષના પગાર પર ટકી રહેવા માટે સંઘર્ષ કરતા હતા.



દરમિયાન, માસૂમ ગુલ મગજના લકવાથી પણ પીડાતી હતી. નિર્દોષ ગુલ બે સમસ્યાઓથી ઝઝૂમી રહી હતી. ૧૨ વર્ષથી ગુલ તેના નબળા ખભ્ભાની પીડા સહન કરતી હતી. અફશીન એક સકારાત્મક અને પ્રેમાળ છોકરી છે પરંતુ તેને ઘણા સંઘર્ષોનો સામનો કરવો પડયો છે. તેના માટે સ્વતંત્ર રીતે ખાવું, ચાલવું મુશ્કેલ હતું અને તેને શૌચાલયનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડતી હતી. તે શાળાએ જવા અથવા ઘરની આસપાસના કામકાજમાં મદદ કરવામાં અસમર્થ હતી. અફશીન સતત પીડામાં જીવતી હતી પરંતુ તેમ છતાં તેની આસપાસના લોકોને તેના હકારાત્મક વલણ અને તેની આસપાસના લોકો પ્રત્યે પ્રેમાળ અભિગમ દ્વારા તેના મુખ પર સ્મિત રમતું થયું





આ ૧૩ વર્ષની અફશીન ગુલને દિલ્હીની એક ખાનગી હોસ્પિટલમાં નવું જીવન આપવામાં આવ્યું હતું. દિલ્હીની એક ખાનગી હોસ્પિટલના ડૉ.રાજગોપાલન કૃષ્ણને નવું જીવન આપ્યું છે. વાસ્તવમાં થોડા સમય પહેલા એક અકસ્માતમાં ગુલની ગરદન ૯૦ ડિગ્રી પર વાંકી ગઈ હતી. જે બાદ તેમનું જીવન ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યું હતું. તેણે તેના મિત્રો સાથે રમવાનું, શાળાએ જવાનું બંધ કરી દીધું હતું. તે ખૂબ જ મુશ્કેલ જીવન જીવી રહી હતી. જ્યારે તેઓ અને તેમના પરિવારે બધી આશા ગુમાવી દીધી હતી, ત્યારે સરહદ પારના ડૉ. રાજગોપાલન કૃષ્ણન આશાના કિરણ તરીકે ઉભરી આવ્યા હતા. તેણે એક માસૂમ બાળકીના જીવનમાંથી અંધકાર દૂર કર્યો.

ડૉક્ટર કૃષ્ણનની વાત કરીએ તો તેમણે આવા તબીબી કેસો પર કામ કરવા માટે ભારત પાછા ફરતા પહેલા ૧૫ વર્ષ સુધી NHS માટે કામ કર્યું હતું. તેમણે તેમની કારકિર્દી દરમિયાન કરોડરજ્જુની ઘણી જટિલ સર્જરીઓનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો અને તેઓ અફશીનને મદદ કરવા તૈયાર થયા હતા. તેમણે અગાઉ ૨૦૧૬માં ૧૨ વર્ષના મહેન્દ્ર અહિરવાર પર ચેનલ ૫ ડોક્યુમેન્ટ્રી 'ધ બોય હુ સીઝ અપસાઈડ ડાઉન' માટે ઓપરેશન કર્યું હતું. મહેન્દ્રનું ગળું નાનપણથી જ ૧૮૦ ડિગ્રીના ખૂણામાં લટકતું હતું. તેમના કહેવા પ્રમાણે," તેના ભાઈ યાકૂબે એક ડોક્યુમેન્ટરી જોયા પછી મારો સંપર્ક કર્યો જેમાં મેં એક સમાન સ્થિતિવાળા છોકરા પર સફળતાપૂર્વક ઓપરેશન કર્યું

હતું. મને ખાતરી હતી કે હું તેના જીવનની ગુણવત્તામાં સુધારો કરી શકીશ, પરંતુ મારે તેને પ્રથમ જોવું હતું. જો આપણે તેને વધુ સમય સુધી છોડી દઈએ તો કોઈપણ સર્જરીમાંથી તેની સાજા થવાની શક્યતા ઓછી હતી.''

આ ડૉક્ટર છેલ્લે ગયા વર્ષે અફશીનને તેના પરિવાર સાથે વાતચીત કર્યા પછી મળ્યા હતા અને તેની સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડી હતી. તેમણે કહ્યું કે ''તેને મળ્યા પછી તે સ્પષ્ટ હતું કે જો તેની સારવાર ન કરવામાં આવી હોત તો તે ટૂંકા અથવા મધ્યમ ગાળામાં મૃત્યુ પામી હોત. પરીક્ષણોએ બતાવ્યું કે તે મારી કારકિર્દીમાં મેં ક્યારેય જોયેલા સૌથી પડકારજનક કેસોમાંનો એક હતો. કદાચ વિશ્વમાં આ પ્રથમ કેસ હતો. મારે તેને મદદ કરવાનો પ્રયાસ કરવો પડ્યો, કારણકે તેને પહેલાથી જ બીજા દ્વારા છોડી દેવામાં આવી હતી.''




યાકુબ અને અફશીન તેની સારવાર માટે લગભગ ચાર મહિના દિલ્હીમાં રહયા હતા. શરૂઆતમાં તેને થોડા સમય માટે તેની ગરદન સીધી રાખવામાં મદદ કરવા માટે ડિસેમ્બરની શરૂઆતમાં તેને હેલો-ગ્રેવિટી ટ્રેક્શન મૂકવું પડ્યું. તેના કોઈપણ સુધારણા પર દેખરેખ રાખવા માટે સાપ્તાહિક તપાસની જરૂર હતી અને આભાર કે તેણીની ગરદન થોડી સીધી થઈ ગઈ હતી કે જેથી સર્જરી શક્ય બને. ૨૮ ફેબ્રુઆરીના રોજ તેની સર્જરીમાં ડો. ક્રિષ્નન અને તેમની ટીમ ડો. મનોજ શર્માને, એનેસ્થેટિસ્ટ ડૉ. જયલલિતા અને ડૉ. ચેતનમેહરા અને ડૉ. ભાનુ પંતે છ કલાકના ઓપરેશન દરમિયાન તેની ખોપરીને કરોડરજ્જુ સાથે જોડી દીધી હતી. ડૉ. કૃષ્ણનમા કહેવા પ્રમાણે તેમનો મુખ્ય ઉદ્દેશ કરોડરજ્જુ પરના સંકોચનને દૂર કરવાનો હતો. તેમણે મોં દ્વારા ઓપરેશન કર્યું અને ગરદનમાંથી ડિસ્ક દૂર કરી અને પછી ગરદનને સીધી રાખવા માટે સળિયા અને સ્ક્રૂનો ઉપયોગ કરીને ખોપરીને સર્વાઇકલ સ્પાઇન સાથે ઠીક કરી.



હવે માસૂમના ચહેરા પર સ્મિત ફરી આવ્યું છે અને તે વાત કરવા પણ સક્ષમ છે. ડો.રાજગોપાલન કૃષ્ણન વીડિયો કોલિંગ દ્વારા દર અઠવાડિયે નિર્દોષોની તપાસ કરી રહ્યા છે.

ગુલના ભાઈ યાકુબ કુમ્બરે જણાવ્યું હતું કે તે ગયા વર્ષે માર્ચમાં તેની બહેનની સારવાર માટે ભારત આવ્યો હતો. આ દરમિયાન બ્રિટિશ પત્રકાર એલેક્ઝાન્ડ્રિયા થોમસે બહેન અફશીન પર સ્ટોરી કરી હતી. ત્યારબાદ ડૉ.

રાજગોપાલન કૃષ્ણનનો સંપર્ક થયો. તેમણે બહેનની મફતમાં સારવાર કરવાની ઓફર કરી. તે કહે છે, ‘‘અમે ખૂબ જ ખુશ છીએ. ડોક્ટરે મારી બહેનનો જીવ બચાવ્યો છે. અમારા માટે તે ભગવાનથી ઓછા નથી. ડૉક્ટરે મફતમાં સારવાર કરી, તે અમારા માટે ભગવાન છે’’

  

અફશીન પર ગરદનની મુખ્ય સર્જરી પહેલા બે મોટી સર્જરીઓ થઈ હતી, જે પછી બીજું મોટું ઓપરેશન કરવામાં આવ્યું હતું. મુખ્ય સર્જરી ફેબ્રુઆરીમાં થઈ હતી. ડૉ. કૃષ્ણનને બીબીસીને જણાવ્યુંહતું કે તેણે અને તેની ટીમે છ કલાકના ઓપરેશન દરમિયાન અફશીનની ખોપરી તેની કરોડરજ્જુ સાથે જોડી દીધી. પછી ગરદનને સીધી રાખવા માટે લાકડી અને સ્ક્રૂનો ઉપયોગ કરીને ખોપરી સર્વાઇકલ સ્પાઇન સાથે જોડાયેલી હતી. ડૉ કૃષ્ણન દર અઠવાડિયે સ્કાયપે દ્વારા અફશીનને તપાસે છે. સર્જરી સફળ થયા પછી ડૉ. કૃષ્ણને પત્રકારોને કહ્યું હતું કે અફશીન સારવાર વિના લાંબો સમય જીવી શકી ન હોત. પરંતુ તે હવે હસતી થઈ છે અને વાતો કરી રહી છે. તેના ભાઇ કુમ્બરે જુલાઈમાં ઈદના એક દિવસ પહેલા ફેસબુક પર તેની હસતી બહેનની તસવીર પોસ્ટ કરી હતી. હજી કેટલીક ગૂંચવણો છે. તે હજી પણ અન્ય બાળકો કરતા ધીમી છે. પણ તે જીવી તો ગઈ છે અને હસતી, દોડતી, રમતી પણ થઈ જશે તેવી ડૉ. કૃષ્ણનની અને તેના પરિવારની આશા છે. તેઓના માટે ડૉ. કૃષ્ણન દેવદૂત સમાન છે. આ અનુકંપાસભર સર્જીકલ સ્ટ્રાઈક માટે સલામ છે ડૉ. કૃષ્ણનને અને તેની ટીમને. મને શ્રી ચિત્રભાનુજીની કેટલીક પંક્તિ યાદ આવે છે.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે ..... મૈત્રીભાવનું
દીન ક્રુર ને ધર્મવિહોણાં, દેખી દિલમાં દર્દ વહે,
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્ત્રોત વહે ..... મૈત્રીભાવનું

-/ચિત્રભાનુ

**https://www.youtube.com/watch?v=T6Q9rXej2gY**
**https://www.youtube.com/watch?v=bx8Lc0YH14E**
**https://www.youtube.com/watch?v=eTOBTMjgIaI**

oooooooooooooooooooooo

